# શ્રી એકલિંગજી પ્રાગટ્ય ઇતિહાસ

સમસ્ત ભટ્ટ મેવાડા બ્રાહણ જ્ઞાતિનું એક ગૌરવ અને અનેરુ એવું એ મહાભાગ્ય છેકે તેમના ઇષ્ટેદેવ પણ મેવાડના મહાપ્રતાપી મહારાણાઓના આરાધ્ય દેવ ભગવાન શ્રી એકલીંગજી છે. માત્ર ભટ્ટ મેવાડા જ્ઞાતિના જ નહી પણ મેવાડની સમસ્ત પ્રજાના તે ઇષ્ટદેવ છે. પછી તે બ્રાહમણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર કોઇપણ વર્ણના પ્રજાજન હોય ભગવાની શ્રીએકલીંગજીનું મંદિર રાજસ્થાન રાજયમાં ઉદેપુરથી આશરે ૨૨ કિ.મી. દૂર કૈલાસપુરી નામના નાનકડા ગામમાં આવેલું છે. અહીંનું પ્રકૃતિક સૌદર્ય દરેક ઋતુમાં અત્યંત રમણીય અને મનમોહક છે. ખાસ કરીને વર્ષાઋતુમાં તો કૈલાસપુરીની આસપાસનું સૌદર્ય ચરમસીમાએ પહોંચતું હોય તેમ જણાય છે.

મેવાડાના મહારાણાઓ પોતાને કયારેય પણ મેવાડના રાજા તરીકે ઓળખાવતા ન હતા કારણે મેવાડનૂ; રાજય તો ભગવાન શ્રી એકલીંગજીનું જ મનાતું રહયું છે. મહારાજધિરાજ ભગવાની શ્રી એલીંગજી વતી તેમના મંત્રી તરીકે તેઓ મહારાણા (સેક્રેટરી) છે. એમ દર્શાવી મહારાણા તરીકે તેમને હંમેશા તેઓએ ઓળખાવેલ છે. શ્રી ભગવાન એકલીંગજીનું માહાત્મ્ય ઘણા વર્ષો જુનું છે.

સત્યયુગના સમયમાં પૌરાણિક કયા અનસાર દેવતાઓના રાજ ઇન્દ્રને વૃત્રાસુરની હત્યા કરવાની બ્રહમ હત્યાનું પાપ લાગવાની તાવ આવવા લાગ્યો. આ તાવ કોઇપણ રીતે ઉતરતો ન હતો એટલે ઇન્દ્ર પોતાના ગુરુ આચાર્ય બૃહસ્પતિ પાસે ગયા અને આ વ્યાધિમાંથી છુટકારો મેળવવાનો ઉપાય પુછયો આચાર્ય બૃહસ્પતિએ તેમને ભગવાન એકલીંગજીની સાધના કરવા જણાવ્યું આચાર્યશ્રીની આજ્ઞાનુસાર ઇન્દ્રે આ કૈલાસપુરી પાસે પર્ણકુટી બનાવી અને ત્યાંજ તપશ્ચર્યા શરુ કરી દીધી અને ભગવાન શ્રીએકલીંગજીને પ્રસન્ન કરીને પોતાના તાવની પીડામાંથી મુકિત મેળવી.

ત્રેતાયુગમાં કામધેનુ નંદિનીએ વિશ્વામિત્રના ડરથી નાસી જઇને ભગવાની શ્રીએકલીંગજીનું શરણ લીધુ આ સ્થળે એમણે તપશ્ચર્યા કરીને ભગવાની આશુતોષને પ્રસન્ન કર્યા હતાં તેમની જ કૃપાથી વિશ્વામિત્રની સેનાને જીતી લીધી અને આમ કરીને વસિષ્ઠ મુનિને પ્રસન્ન કર્યા હતાં.

ધ્વાપરમાં એટલે મહાભારતકાળના અંત સમયે રાજા પરીક્ષિતા મૃત્યુનો બદલો લેવા માટે તેમના પુત્ર રાજા  જન્મેજયે નાગયજ્ઞનો આરંભ કર્યો. યજ્ઞના ભયથી ડરીને તક્ષક-નાગ ભગવાની એકલીંગજીના શરતે આવ્યો. અહીં તેણેકુટિલા ગંગામાં કુંડ બનાવ્યો તે આજે પણ તક્ષકકુંડના નામથી પ્રસિધ્ધ છે.

કળીયુગમાં લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા યોગીરાજ હારિતે ભગવાની એકલીંગજીની સ્થાપના કરીને ભગવાની પ્રસન્ન કર્યા હતાં અને પોતાના ઇષ્ટદેવની કૃપાથી મેવાડના મહાજ શકિતશાળી રાજયની સ્થાપના કરી હતી.

મેવાડના રાજયના આધ્યાસ્થાપક બાપ્પા રાવળનો જન્મ નાગદામાં રાજપુરોહિત રાવળના ઘરે થયો હતો. તેમનું ભરણપોષણ અરવલ્લીની ગિરીમાળાઓમાં રહેનારા આદિવાસીઓને ત્યાં થયું હતું તેઓ રાજપુરોહિત બ્રાહમણને ઘરે ઉછર્યા હોવાથી તેમની વેશભુષા બ્રાહણના જેવી હતી પણ તેના દૈદીપ્યમાન વ્યકિતત્વ અને ક્ષાત્રતેજને લીધે તેઓ ક્ષત્રિયરાજકુમાર જેવા લાગતા હતા. બાપ્પા રાવળ નાનપણમાં ગાયો ચરાવવા જતાં તેઓ જે ગાયો લઇને જતા તેમાં એક ગાય ઘરે આવીને બિલકુલ દુધ આપતી ન હતી. ગાયના માલિકને બાપ્પાની માતાને આ બાબતમાં ઠપકો આપ્યો અને જંગલામાં બાપ્પા રાવળ કે બીજે કોઇ આ ગાયનું દુધ દોહી લે છે. એવું મિથ્યા આળ ચડાવ્યું. બાપ્પા રાવળ અને તેમનાં માતા આ બાબત સાંભળીને ખુબ જ દુઃખી થયા બીજે દિવસે બાપ્પા રાવળ જયારે ગાયને ચરાવવા ગયાં ત્યરેતેઓએ ગાયોને પાણી પાઇ ઝાડની છાયામાં બેસીને જે ગાય દુધ આપતીન હતી તે ગાયનું સતત નીરીક્ષણ કર્યા કર્યુ. અચાનક એમણે જોયું કે બીજી બધી ગાયો જયારે કુટીલ ગંગાના કીનારા ઉપર ચરી રહી હતી અથવા આરામ કરી રહી હતી ત્યારે આ ગાય ધણમાંથી છુટી પડીને બીજી કોઇ દીશામાં જઇ રહી હતી. બાપ્પાએ આ જોયું અને ગાયના ધણને છોડીને તેઓ આ ગાયની પાછળ ધીમે પગલે જવા લાગ્યા. એમણે જોયુ કે એક ઘણો મોટો ઘાટ હતો આ ઘાટ પાસે થોડી વાર ગાય રોકાઇ, અને પછી આમતેમ જોઇને તુરંત નજીકના વાસના વનમાં ચાલી ગઇ અને આગળ જઇને નિશ્ચિત સ્થાન ઉપર આવીને .ઉભી રહી ગઇ બાપ્પા રાવળ ગાયની પાછળને પાછળ વાંસના વનમાં આવ્યા અને જયારે દુર રહીને જુએ છે તો એક મહાઅદભુત દ્રશ્ય જોને જયાંના ત્યાં સ્થિત થઇ ગયા અને દંગ થઇ ગયા એમણે જોયું કે ગાય એક જગ્યાએ સ્થિર ઉભી હતી. ગાયના આંચળમાંથી દુધ આપોઆપ ઝરી રહયું હતુ. જયાં એ દુર ઝરી રહયુંહતુ ત્યાં મહાદેવનું શિવલીંગ હતું. આ સ્થળે ભગવાની શિવનું સ્વરૂપ લીંગ સ્વરૂપે પ્રાગટય થયું હતું ઋષિઓના શાપને કારણે ભગવાની શંકરને મૃત્યુલોકમાં પ્રગટ થવું પડયું હતું.

આ ગાય એ જ નંદિની ગાય હતી. શિવજીને પોતાની ભકિતથી પ્રસન્ન કરીને પોતાની માતા કામધેનુંને બંધનમાંથી મુકત કરવા ઇચ્છતી હતી. બાપ્પા રાવળ આમ એક મુક પ્રાણીની ખુબ જ .ઉત્કૃષ્ટ ભકિત જોઇને આનંદવિભોર થઇ ઉભા રહયાં ગાયની આવી ભકિતભાવના જોઇને ગાયને વારંવાર પ્રણામ કર્યા.

આ વાંસકુંજમાં આવુ દ્રશ્ય જોનાર બાપ્પા સિવાય બીજી પણ એક વ્યકિત હતી. તેમનું નામ તપસ્વી મુનિ હારિત હતુ મુનિરાજ હારિત મહાન યોગી હતાં મુનિરાજ હારિત ભગવાન એકલીંગજીના પરમ ઉપાસક હતા મહર્ષી હારિતે જયારે બાપ્પા રાવળને જોયાં ત્યારે તેઓ તેમના પ્રત્યે આકર્ષાયા. એ બાળને જોઇને ખાતરી થઇ કે બાળક કોઇ રાજવંશી બાળક છે. બાપ્પા રાવળે પોતાનો ટૂંકો પરિચય આપ્યો. ગાયને ચરાવતાં તેમને ભગવાનસમા આ મહર્ષિના દર્શન થયાં તેથી પોતાની જાતને ભાગ્યશાળી માનીને એમણે મહાન ઋષિરાજ હારિતના ચરણોમાં વંદન કર્યા. બાપ્પા રાવળ ત્યાર પછી મહર્ષિ હારિતની સાથે તેમના આશ્રમમાં ગયા. આશ્રમમાં ઋષિએ પુજા પૂર્ણ કરી, બાપ્પાને ઋષિજીને હાથે ગુરૂપ્રસાદ મળ્યો. ગુરૂપ્રસાદમાં તેમણે એક વિજયી ખડગ હતુ તે બાપ્પાને આપ્યું અને તે વાપરવાની કળા શીખવી શ્રી એલીંગજી એ જ તારા હવેથી ઉપાસ્ય દેવ છે. એમ કહીને શ્રી એકલીંગજીની અત્યંત શ્રેયસ્કર ઉપાસનાનો માર્ગ બતાવી ઋષિજીએ બાપ્પાને શ્રી એકલીંગજીનો ઇતિહાસ કહયો.

વત્સ, આ શ્રી એકલીંગજી મહાદેવની કોણે અને શી રીતે સ્થાપના કરી તેનો ઇતિહાસ એક દિવસ પુષ્પદંના નામના ગંધર્વે શીવજીને પુછયો હતો, તે વખતે શ્રી શિવજીએ સ્વમુખે કહેલા તે તને સંભળાવું છું તે ધ્યાનપૂર્વક સાંભળ.

એક સમયે લંકા નગરીના રાજના રાવણએ બ્રાહમણલોકમાં જઇ બ્રહમા પાસે એવી યાચના કરી કે મને શંકરનું એક બાણ એવું આપો કે જેનું પુજન કર્યાથી દ્રાદય જયોતિર્લીંગનું પુજન કર્યાનું ફળ મળે. બ્રહમાએ રાવણની સ્તુતિથી પ્રસન્ન થઇને તેને શિવનું એક બાણી આપી  વરદાન આપ્યું કે આ શિવનું બાણ તારે જયાં સ્થાપના કરવું હોય તે સ્થળ સિવાય અન્ય સ્થળે મુકવું નહીં જો કદાપિ મુકીશ તો તે જ સ્થળે સ્થાપિત થશે.

રાજા  રાવણે બ્રહમા પાસેથી પેલું શિવલીંગ લઇ લંકા તરફનો રસ્તો પકડો. રસ્તામાં આવતાં મેવાડભુમીમાં ત્રિકુટ પવર્ત આગળ આવતા તેને લઘુશંકા કરવાની એટલી બધી ત્વરાએ કે તેનામાં આગળ મુસાફરી કરવાની શકિતી રહી નહી. અને બ્રહમાએ આપેલું વરદાન વિસ્મૃત થવાથી શિવલીંગ ત્રિકુટ પર્વત ઉપર મુકી પોતે થોડે છેટા લઘુશંકા કરવા બેઠો. બ્રાહમાના વરદાન પ્રમાણે આ શંકરનું બાણ ત્રિકુટ પર્વત ઉપર સ્થાપિત થયું.

રાવણ લઘુશંકા કર્યા પછી શિવનું બાણ લેવા આવ્યો અને પોતે ઉપાડવા માંડયુ પરંતુ તે ઉપડયું નહી જેમ વવધુ જોરે કરે તેમ તેમ શિવલીંગ ભારે થવા માંડયું. રાવણ તેથી વિચાર કરવા લાગ્યો કે આનું કારણ શું ? પોતે શાન્ત મને થોડીવાર વિચાર કર્યો એટલે તેને બ્રહમાનું વરદાન યાદ આવવાથી શિવજીના એલીંગ ની આ સ્થળે વિધિસહીન

સ્થાપના તથા વિધિપૂર્વક પુજન કરી બોલ્યો જેવી ઇચ્છાની હું આપને લઇ જઇ મારા નગરમાં સ્થાપના કરવા ઇચ્છતો હતો તેવી જ ઇચ્છાથી આ ભૂમિમાં વસનાર રાજાઓની અને પ્રજાજનોની પૂર્ણ થાઓ.

અને આ શિવજીના બાણનું નામ શ્રી એકલીંગજી મહાદેવ એવું નામ આપની પોતે લંકા તરફ ગયો.

હે શિવજી ! આ શ્રી એકલીંગજીનું બાણ રાવણ શા હેતુથી લઇ જતો હતો અને તેની ઇચ્છા કેવા પ્રકારની હતી તે કૃપા કરી આપ મને સમજાવો. પુષ્પદંત શ્રીશંકરને પુછયું આ શ્રી એકલીંગજી હંમેશ પુજા કરવાની દ્વાદશ જયોતિલીંગના પુજનનું તથા પંચદેવનું પુજન કર્યાનું ફળ મળે તેવી રાવણની ઇચ્છા હતી. તે ફળથી રાજા તથા પ્રજા અટકી, શિવધર્મી, પરાક્રમી, શુરી, સ્વધર્માભિમાની, નીતિમાન અને ધર્મપરાયણ થાય. આ ફળ મેવાડમાં વસનારા રાજાઓને તથા પ્રજાજનને અવશ્ય મળશે. શિવજી એ પુષ્પદંતના પ્રશ્નનો ખુલાસો કર્યો.

વત્સ, આ શ્રી એકલીંગજી મહાદેવ ઉત્પતિ મે તમે કહી સંભળાવી. શ્રી એકલીંગજી મહાદેવ બાણ પંચમુખી છે. કારણ તને કહું છું. એકલીંગજી મહાદેવનું બાણ પ્રણવ રૂપ એટલ ઓમકામ રૂપ છે. જેમ પ્રણવમાં ચાર વેદના મહાકાવ્યો તથા પંચદેવ છે તેમજ શ્રી એકલીંગજીનું બાણ પંચમુખી છે. ને ઉપકાર ઉપજે છે પ્રણવનો જાપ જપવો તથા મુર્તિ કરી તેનું પુજન કરવું તે શ્રી એકલીગજીનો જાપ જપવો તે પંચમુખી બાણનું પુજન કરવું એક જ છે, અને તેથી જ રાવણ બ્રહમા પાસેથી શંકરના બાણની યાચના કરી હતી.

વત્સ, જળે, સ્થળે સર્વત્ર પરમાત્માનો નિવાસ છે, જયાં જે વસ્તુમાં આપણે પ્રભુનું ધ્યાન ધરીએ ત્યાં તે વસ્તુમાં પ્રભુ હોવાથી આપણી પ્રાર્થના સાંભળે છે જે તેમા; વળી શ્રી એકલીંગજી ભગવાનનો સાક્ષાત પ્રણવ સ્વરૂપ હોવાથી તેમના ધ્યાનથી મનુષ્યનું કલ્યાણ થાય છે તેના ત્રણે પાપ કપાય છે. અને તેને સર્વ કાર્યમાં યશ પ્રાપ્ત થાય છે. તું અને તારા વંશજો સર્વત્ર વિજયી થશો. વત્સ, સમૃધ્ધિ મળવાથી અશ્રધ્ધાવાન થશો નહીં. અશ્રધ્ધવાન થશો તો પડતી આવશે. માન ખંડન થશે. અને રાજભ્રષ્ટ થશે. જયાં સુધી શ્રી એકલીંગજી ભગવાની સ્તુતિ શ્રધ્ધાપૂર્વક કરશો ત્યાં સુધી દિનપ્રતિદિન તમારો ઉદય જ થશે. તમે ચક્રવર્તી થશો. વત્સ, તમારૂ કલ્યાણ થાઓ. એમ કહી ઋષીજીએ બાપ્પાના માથા પર હાથ મુકયો બાપ્પએ માથુ નીચુ નમાવી ઉભો જ હતો અને શંકર ભગવાનનું ધ્યાન ધરતો હતો. ઋષિજી આશીર્વાદ આપી અદ્રશ્ય થઇ ગયા.

હારિત મુનિના આશીર્વાદથી બાપ્પા રાવળે કે જેમણે મેવાડ રાજવંશની સ્થાપના

કરેલ, ઇ.સ. ૭૩૫ માં કરેલ છે. આ મંદિરનો જીર્ણોધ્ધાર મહારાણા રાયમલ (૧૪૭૩-૧૫૦૯) સહિત ઘણા મહારાણાઓએ કરેલ છે.

ભગવાન એકલીંગજીનું મંદિર ૨૫૦૦ વર્ગફુટ જમીનના વિશાળ ક્ષેત્ર પર સ્થપાયેલ છે. તથા તેની ઉંચાઇ આશરે ૬૫ ફુટ છે. સમગ્ર મંદિરની રચનામાં સફેદ આરસપહાણનો ઉપયોગ થયો છે. મંદિરની ફરતે મજબુત દિવાલ છે અને ત્યાં મુખ્ય મંદિર ઉપરાંત ૧૦૫૮ મંદિર આવેલ છે.

મુખ્ય મંદિર બે માળના ધ્વારમંડલ, ગર્ભ ગૃહ, તથા જીવટથી બનાવેલ અનેક આધાર સ્તંભવાળા સભાગૃહ અને પીરામીડ આકારની છતનું બનેલ છે. કાળા આરસપહાણની બનેલી ભગવાની શ્રી એકલીગજીની પ્રતિમા મંદિરના ગર્ભધ્વારમાં આવેલી છે. મંદિરની બહાર શિવના પવિત્ર પોઠીયા નંદિની ચાંદીની પ્રતિમા છે. આ ઉપરાંત મંદિરમાં બે અન્ય નંદિ છે. જે પૈકી એક કાળા પત્થરનો અને બીજો પિત્તળનો છે. નંદીની પ્રતિમા સન્મુખ હાથ જોડી ઉભેલા બાપ્પા રાવળની પ્રતિમા છે.

આ ઉપરાંત મંદિર સંકુલમાં એક અન્ય મંદિર પણ આવેલું છે. જેને નાથો કા મંદિર કહેવાય છે. પરંતુ અહિ કોઇ પુજા -વિધિ કે આરાધના થતી નથી આ મંદિર માંથી ઇ.સમ. ૯૭૧માં એક લખાયેલ લેખ પ્રાપ્ત થયો છે. જે ભગવાન શિવના લકુલેશ સ્વરુપને સમરિર્પત છે. અને તેમાં બાપ્પા રાવળનો ઉલ્લેખ છે. આ નગરમાં બીજા ઘણા મંદિરો આવેલા છે. જેમા મહત્વના મંદિરમાં કત્યાયની દેવી, પંદરમી સદીમાં બાંધેલ સાસુ-વહુનું મંદિર  છે.

આ મંદિર મૂર્તિકળાની વિગતો સાથેની પૌરાણિક કલાનો ઉત્કૃષ્ટ નમુનો છે. ૧૫મી સદીમાં બાંધાવેલ કાળા આરસપહાણનું અદભુત જૈન મંદિર, પાતાલેશ્વર મહાદેવ, અર્બુદામાતમા, વિંધ્યવાસીની દેવી ના મંદિર પણ છે.

મંદિરમાં શ્રી એકલીંગજી ઉપર સુવર્ણછત્ર છે.

અહીં વર્ષના અનેક ઉત્સવો ઉજવાય છે. અને મહાશીવરાત્રીના દિવસે મોટો મેળો ભરાય છે. સામાન્ય રીતે ભગવાન શંકરના મંદિરના વૈષ્ણવ મંદિરની જેમ શ્રૃંગાર, રાજભોગ વગેરે. જુદા જુદા દર્શન અને આરતી હોતા નથી. પરંતુ ભગવાની શ્રી એકલીંગજી મહાદેવના મંદિરમાં તેમના સાંનિધ્યમાં આવેલ ભગવાની શ્રી નાથજી મંદિરના માફક જ નિયમીત રીતે યથા સમયે મંગળા, શ્રૃંગાર, રાજભોગ, શયન વગેરે બધા જ દર્શનો યથાવિધિ થાય છે. મહાદેવજીનો શ્રૃંગાર રોજ જુદા જુદા રત્નોથી કરવામાં આવે છે. સોમવારે હીરાનો, મંગળવારે માણેકનો, બુધવારે મણીનો, ગુરુવારે, નીલમનો, શુક્રવારે મોતીનો, શનિવારે શનિ નંગનો

અને રવિવારે પોખરાજનો શ્રૃંગાર અર્પણ કરવામાં આવે છે. આ રીતે દરરોજ જુદા જુદા શ્રૃંગાર કરવામાં આવે છે. શ્રી એકલીંગજીના ભંડારમાં લાખો રૂપિયાનો શ્રૃંગાર છે. મહાદેવજીની પુજા કરવાનો અધિકાર માત્ર પુજારી અને ઉદેપુરના મહારાણાનો જ છે. ગર્ભધ્વારમાં અન્ય કોઇને પ્રવેશ આપવામાં આવતો નથી. યાત્રિકો મંદિની અંદર જઇને બહારથી દર્શન કરી શકે છે. શ્રીનાથીના રાજભોગ વખતે પહેલા શ્રી એકલીંગજીને ભોજન લેવા બોલાવ્યા બાદ ભોગ પરાવાય છે. અહીં શંકરનો પ્રસાદ લેવાનો બાધ નથી. આપણા ઇષ્ટદેવનાં દૃશન આપણે સૌએ અવશ્ય કરવાોજઇએ. એમ કહેવામાં આવ્યુ; છે કે ભગવાન શ્રી એકલીંગજીનાદર્શન માત્રથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ તપ, દાન, તીર્થાટન કે મોટા મોટા યજ્ઞયાગ કરવાની પણ પ્રાપ્ત નથું નથી.

રાજસ્થાનમાં આવેલા યાત્રા સ્થળો પૈકીના ખુબ જ મહત્વના સ્થળોમાં એકલીંગજી મંદિરનો સમાવેશ થાય છે. ભગવાન શ્રીએકલીંગજીના દર્શનનોસમય સવારે ૪.૩૦ થી ૭.૩૦, ૧૦.૩૦ થી ૧.૩૦ અને. ૫.૧૫ થી ૭.૪૫ કલાક સુધીનો છે. ઉદેપુર થી કૈલાસપુરી (એકલીંગજી) માટે દર અડધા કલાકે બસ મળે છે. એકલીંગજી ખાતે ત્રિવેદી મેવાડા બ્રાહમણોની ધર્મ શાળાછે. ત્યાં ઉતરવા માટે ધર્મશાળાને અગાઉથી જાણકારી આપવી જરૂરી છે.

મંદિરનો ફોન નં.

ત્રિવેદી મેવાડા ધર્મ શાળાનો ફોન નં.

ભગવાન શ્રી એકલીંગજીની પ્રતિમા શરૂઆતમા;કેવળ લીંગકાર જ હતી, ડુગરપુર રાજય ધ્વારા તે બાણ લીંગ ઇન્દ્રસાગરમાં પધરાવી દીધા પછી આ પંચમુખી મુર્તીની સ્થાપના થઇ છે. કાળા પત્થરની બનેલી ભગવાન શ્રી એકલીંગજીની પંચમુખી મૂર્તી અતિશય સુંદર પ્રતિમા છે. એમનું પશ્ચિમ તરફનું મુખ બ્રહમનું છે. ઉત્તર મુખ વિષ્ણુંનું, પૂર્વ મુખ સૂર્યનું તથા દક્ષિણનું મુખ રુદ્રનું માનીને તે પ્રમાણે દરેક મુખની પુજા કરવામાં આવે છે. આ ચારેય મુખની વચ્ચોવચ શીવલીંગ છે. અને યંત્ર છે. જેને ઉપરનું પાંચમુ મુખ ગણાય છે. ભગવાન શીવજી અહીં અંતિમ સત્ય સર્વોપરી શકિત અને પૂર્ણ ઇશ્વર એટલે કે પર બ્રહમ તરીકે આરાધના થાયછે.

ચારેય મુખોની સામે ચાર ધ્વાર આવેલા છે. પૂર્વ બાજુના ધ્વાર તરફ પાર્વતીજીની પ્રતીમા છે. તેની બાજુમાં ગણપતિજીની મૂર્તિ છે. એની બરાબર સામે દક્ષિણ ધ્વાર પર ગંગાજીની મુર્તી છે અને એની બાજુમાં કાર્તિકેયની મુર્તી છે. આમ જોતાં શિવજીનો સમગ્ર પરિવાર આ મંદિર બિરાજમાન છે. મહાદેવજીના મંદિર ઉપર સુવર્ણ કળા છે.